# વાયબ્રન્ટનું ટેન્શન ઓફિસરોને ટ્રેસની અનુભૂતિ કરાવી શકે છે

## બીએસસીના આગમન સાથે ૨૦૧૫માં ગિફ્ટસિટીમાં મંદીના દિવસો પૂર્ણ

સમગ્ર ગુજરાત સરકાર વાયબ્રન્ટ સમિટની તૈયારીમાં વ્યસ્ત છે. પ્રાઈમ મિનિસ્ટર સહિત દેશના અનેક મહાનુભાવો સાથે અનેક વિદેશી મહેમાનો ગાંધીનગરમાં આવવાના હોવાથી સમગ્ર ગુજરાત સરકાર અત્યારે વાયબ્રન્ટ સમિટની તૈયારીમાં વ્યસ્ત બની છે. ક્લિન ઈન્ડિયા મૂવમેન્ટના પગલે- ક્યાંય ગંદકી દેખાવી જોઈએ નહી તેવી વોર્નિંગ ચીફ મિનિસ્ટરે આપી છે. ડિસેમ્બર મહિનો સરકાર માટે પોલિસી મન્થ છે. આ મહિનામાં નવી ઉદ્યોગનિતી, પ્રવાસન નિતી સહિત સાત થી આઠ જેટલી મહત્વની ગાઈડલાઈન જાહેર થવાની છે. રાજયનો ઉદ્યોગ વિભાગ અને તેને સંલગ્ન સરકારી સાહસોના ઓફિસરો દિન-રાત ઉજાગરા કરીને વાયબ્રન્ટની તૈયારીમાં મશગૂલ છે. આ વિભાગના ઓફિસરોનું ટ્રેસ લેવલ જરા ઉંચે પહોંચી ચૂક્યું છે. હમણાં જ ઈન્ડસ્ટ્રીઝ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી અતનુ ચક્રવર્તીને સિવિલમાં દાખલ કરવા પડ્યા હતા. બી વેર, કર્મયોગી વિરલાઓ માટે આ ચેતવણી સમાન છે...

### ઉદ્યોગ વિભાગની વેબસાઈટ હજી પાંડિયનને ચીફ સેક્રેટરી માનતી નથી

### બિન ભાજપી લિડરોને સીબીઆઈના ડરથી પરસેવા છૂટી રહ્યા છે

**જોક્સ શરૂ થાય એટલે રાજકીય પતન ....**

કોઈપણ રાજકીય નેતાના જોક્સ શરૂ થાય એટલે સમજી લેવાનું કે તેમનું રાજકીય પતન બહુ નજીકમાં હોય છે. ગુજરાત જ નહી, દેશના રાજકારણમાં આ વાક્ય લાગુ પડે છે. ગુજરાતમાં પહેલા ૧૯૯૫ અને ૧૯૯૮માં કેશુભાઈ પટેલના શાસન દરમ્યાન જોક્સ






● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨ (ડી)ના બગીચા પાસે સર્જાતુ નર્કાગાર

## ઝુંપડાવાસીઓએ જાહેર શૌચાલય બનાવી દેતા 'નર્કાગાર' સમી પરિસ્થિતિ વસાહતીઓ માટે અસહ્ય દુર્ગંધ વચ્ચે રહેવુ મુશ્કેલ : માથાભારે તત્વોની નફફટાઈ સામે લાચાર સેક્ટરવાસીઓ : રોગચાળાનો ભય : તંત્ર જાગશે ?

ગાંધીનગર, તા. ૩૦

નવા સેક્ટરોમાં સતત ફાલી રહેલી ઝૂંપડપટ્ટીની બદી અને ગેરકાયદે દબાણો સેક્ટરમાં હાથ ધરાયેલી 'સ્વચ્છતા અભિયાન'ની ઝૂંબેશ સામેના કેવળ ગંભીર પડકાર ઉભો કરે છે પરંતુ ગંદકી-દુર્ગંધ ફેલાવી વસાહતીઓ માટે રહેવાનું મુશ્કેલ બનાવી દે છે.


ઝૂંપડપટ્ટીના લોકો સેક્ટરમાં ગમે ત્યાં, જાહેર સ્થળને પોતાની કુદરતી હાજતના નિકાલનું સ્થળ બનાવી દેતા હોવાથી સેક્ટરવાસીઓ માટે સતત શરમજનક પરિસ્થિતિમાં મુકાવા ઉપરાંત ગંદકી અને માથુ ફાડી નાખે તેવી બદબુના લીધે રહેવાનું મુશ્કેલ બનાવી દે છે.

સેક્ટર-૨-ડી માં ગાર્ડન પાસે જ પોતાનાં મકાન ધરાવતા વસાહતીઓની વારંવારની વિનંતી છતાં, ઝૂંપડપટ્ટીના લોકો તથા શોપીંગના દુકાનદારો-ફેરિયાઓ-ગેરકાયદે દબાણ કરી વસતા 'માથા ભારે તત્વો' આ ભાગમાં ફોરેસ્ટની જમીન પર ફાલેલી ગીચ ઝાડીનો ગેરલાભ લઈ કુદરતી હાજતે જાય છે. પરિણામે પ્લોટ નં. ૧૭૦૦ થી શરૂ થતાં સેક્ટર-૨-ડીના મકાનોમાં રહેતા લોકોને અસહ્ય અને રોગચાળો ફેલાવે તેવી દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે. એમના માટે નિરાંતે ઓટલા ઉપર બેસવાની વાત તો દૂર રહી, સામે

● અનુસંધાન પાન-૭ પર

# આપણાં રક્ષકો આપણે પોતે જ...

## બાયસેગ દ્વારા માધ્યમિક શાળાના બાળકોને ડેન્ગ્યુ-મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગો અંગે વિસ્તૃત માહિતી અપાઈ : દરેક શાળાઓમાં મચ્છરોના પોરાં અને ગપ્પી માછલીનું પ્રત્યક્ષ નિદર્શન પણ કરાયું : રાજયના કુલ ૨૪ લાખ બાળકોએ ભાગ લીધો





ગાંધીનગર, તા. ૩૦

રાજ્યની તમામ માધ્યમિક શાળાઓમાં બાળકોને તા. ૨૮મી નવેમ્બરે બાયસેગ દ્વારા મેલેરિયા અને ડેન્ગ્યુ અંગે જાગૃતિ આપતો એક ઓનલાઈન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી આશરે ૨૪ લાખ બાળકોએ ભાગ લીધો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### ફાઈલેરિયા એટલે કે હાથીપગું અંગે પણ નિદર્શન કરાયું

બાયસેગ દ્વારા તા. ૨૭મી નવેમ્બરે મચ્છર કરડવાથી થતો વધુ એક રોગ ફાઈલેરિયા એટલે કે હાથી પગુ અંગે પણ એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એક મહિલાને હાથીપગુ થયો હોવાથી પગમાં પડી ગયેલા દર્દનાક વાઢિયા અને ઈન્ફેક્શનને દર્શાવી તેની સારવાર તેમજ ડ્રેસીંગનું પ્રત્યક્ષ નિદર્શન પણ દેખાડવામાં આવ્યું હતું.

# ગાંધીનગરમાં આગામી પંદર દિવસમાં અઢળક લગ્નો

## ૫, ૬ અને ૭ ડિસેમ્બરે ગાંધીનગર આખુ લગ્ન મંડપમાં ફેરવાશે : લગ્નના મુહૂર્ત આ વખતે ખુબ ઓછા હોવાથી રસોઈયા, વેઈટર્સ જેવા કારીગરોની ખુબ ખેંચ

ગાંધીનગર, તા. ૩૦

આ વર્ષે લગ્નોના ખુબ ઓછા મુહૂર્ત છે. આગામી ૧૫મીથી કમુરતા બેસી જવાના હોવાથી ડિસેમ્બરના પ્રથમ પખવાડિયામાં લગ્નો ધૂમ છે. તેમાંય આગામી તા. ૫, ૬ અને ૭ ડિસેમ્બરના રોજ આખુ ગાંધીનગર લગ્નમંડપમાં ફેરાઈ જાય તેટલા અધધ લગ્નો છે. લગ્નપ્રસંગ કે રીસેપ્શન



જેવા અવસરો સાથે જોડાયેલા કોઈ કેટરર્સ, ડેકોરેટર્સ કે કારીગરને આ દિવસોમાં ફુરસદ નથી.

દેવદિવાળી પછી આવતો નવેમ્બર-ડિસેમ્બર માસ એટલે લગ્નોની સીજન. વળી આ સમયગાળા દરમ્યાન વિદેશોમાં વસતા એનઆરઆઈ પરિવારોના ધાડા લગ્ન માટે અહીં ઉતરી પડે છે. આથી આ ગાળામાં એનઆરઆઈના લગ્નો પણ ખુબ યોજાશે. વળી આ વર્ષે લગ્નોના મુહૂર્ત ખુબ ઓછા છે. ૧૫મી ડિસેમ્બર પછી કમુરતા ચાલુ થવાના હોવાથી ટુંકાગાળામાં ખુબ જ લગ્નો થશે. ગાંધીનગરમાં આગામી તા. ૫, ૬ અને ૭ ડિસેમ્બરના રોજ ખુબ લગ્નો છે. કેટલાક પરિવારોમાં તો એક જ દિવસની ચારથી પાંચ જેટલી કંકોત્રીઓ આવી છે. કયા લગ્નમાં જવુ અને ક્યાં ન જવું તેનો નિર્ણય લેવો કઠીન બની રહ્યો છે. સારા સંબંધો હોય તો એક દિવસમાં બે થી ત્રણ લગ્નો એટેન્ડ કરવા પડે તેવું પણ બની શકે છે. આગામી પંદર દિવસ સુધી શહેરની તમામ લગ્નવાડીઓ, રંગમંચ, બગીચાઓ અને શહેરની આસપાસ આવેલા તમામ પાર્ટીપ્લોટ લગ્ન અને રીસેપ્શન માટે બુક છે.

કમુરતાના કારણે દેવદિવાળી સુધી એકદમ નવરા બેઠેલા કેટરર્સ, ડેકોરેટર્સને હવે તો એક સેકન્ડની પણ નવરાશ નથી. પૈસા આપતા હવે તો લગ્ન કરનાર મહારાજ, રસોઈયા, કારીગરો, વેઈટરો મળતા નથી. બ્યુટીપાર્લરો ધમધોકાર ચાલી રહ્યા છે. એક દિવસમાં આઠ થી દસ દુલ્હનોને તૈયાર કરવાની હોવાથી બ્યુટીપાર્લરવાળાઓ હવે છુટક કામ લેતા જ નથી. દુલ્હનોના ઓર્ડર પુર્ણ કરવામાં જ તેઓ આખો દિવસ બીઝી રહે છે. બેન્ડવાઝાવાળા મ્યુઝિકલ પાર્ટી અને ઢોલવાળાઓને પણ આગામી દિવસોમાં જરાય ફુરસદ નથી. આખુ ગાંધીનગર લગ્ન મંડપમાં ફેરવાઈ જશે તેવું લાગી રહ્યું છે.

# લોક સંવાદ સેતુ કાર્યક્રમ દરમિયાન મળેલ ૫૨૭ નિતિ વિષયક પ્રશ્નો સરકારને મોકલવાયા

ગાંધીનગર, તા.૩૦

રાજયમાં યોજવામાં આવેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમ દરમિયાન મળેલ નિતી વિષયક ૫૨૭ જેટલા લોક પ્રશ્નોને જિલ્લા તંત્રએ રાજય સરકાર સમક્ષ ઉકેલ માટે મોકલી આપ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં પ્રજાની ફરિયાદો રજુઆતોનું સમયમર્યાદામાં નિરાકરણ થાય અને પ્રજાના સ્થાનિક પ્રશ્નો અને ફરિયાદો માટે જિલ્લા કચેરી સચિવાલય સુધી ન આવવું પડે તેવા શુભ આશયથી રાજય સરકારે રાજયના તમામ તાલુકાઓમાં વારાફરતી લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજવાનું નક્કી કરેલ.

આ કાર્યક્રમ અંતર્ગત રાજયમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૨૨ જેટલા લોકસંવાદ સેતુ યોજવામાં આવેલ જેમાં કુલ ૯૨૫૦ અરજદારો દ્વારા ૧૦,૩૦૦ જેટલા પ્રશ્નો પુછવામાં આવેલ હતાં. જે પૈકી ૯૦૨૦ જેટલા પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ હતો.

જયારે ૫૨થી વધુ પ્રશ્નો નીતિ વિષયક બાબતોને લગતા હોઈ તાલુકા જિલ્લાઓની કચેરીઓના આ પ્રશ્નો રાજય સરકારને મોકલી આપવામાં આવેલ હતાં. સામાન્ય વહીવટ વિભાગે આવા નીતિ વિષયક જે પ્રશ્નો જે વિભાગોને સ્પર્શતા હતાં તે વિભાગોને આ પ્રશ્નોનો ઉકેલ લાવવા માટેની કાર્યવાહી માટે મોકલી આપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રીએ ગતિશીલ ગુજરાતની રીવ્યુ બેઠકમાં પણ લોકસંવાદ સેતુના નીતિ વિષયક પ્રશ્નો પરત્વે સત્વરે કાર્યવાહી હાથ ધરવા માટે સૂચન કરેલ. જેના પગલે જે તે વિભાગને સ્પર્શતા પ્રશ્નો વિભાગોને મોકલી આપવામાં આવ્યા છે અને વિભાગોને આ પ્રશ્નો અંગે સત્વરે કાર્યવાહી હાથ ધરી તેનું નિરાકરણ કરવાના પ્રયત્નો કરવા પણ સૂચના આપવામાં આવી છે.


આ ઉપરાંત આવા નીતિવિષયક બાબતોના પ્રશ્નો અંગે ફરીને ટૂંક સમયમાં મુખ્યમંત્રી સમીક્ષા કરનાર છે. આથી વિભાગો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી ની વિગતોની જાણ સંબંધિત જિલ્લાને અને સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં પણ જિલ્લા અને તાલુકા કક્ષાએ આવા લોકસંવાદ સેતુના કાર્યક્રમો ચાલુ રાખવામાં આવ્યા છે.




# જો બકા..... લગ્નની કંકોત્રીમાં પણ સ્વચ્છતા અભિયાન ઝળક્યું

## સે-૨૨ના કેતન પટેલ નામના યુવાને પોતાના લગ્નની કંકોત્રીના કવરમાં આમંત્રિતોને સ્વચ્છતા જાળવવા અપીલ કરતો સંદેશ મોકલ્યો




ગાંધીનગર, તા.૩૦

'સ્વચ્છતા અભિયાન' ધીમે ધીમે જન આંદોલન બની રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અભિયાનમાં પોતાની જાતને જોડીને દેશના દરેક નાગરિકને સ્વચ્છતા જાળવવા અને ગંદકી દૂર કરવા પ્રેરિત કર્યા છે. આસ્વચ્છતા અભિયાનની અસર હાલમાં ચાલી રહેલ લગ્નસરાની સીઝન પર પણ પડી છે અને ગાંધીનગરના એક યુવાને તેના લગ્નની કંકોત્રીના કવરમાં 'જો બકા કચરો તો કચરાપેટીમાં જ નાંખવાનો...' એવો સંદેશ છાપેલી એક કૂપન પણ મોકલાવી એક અનુકરણીય ઉદાહરણ પુરું પાડયું છે.

ગાંધીનગરના સે-૨૨માં રહેતા કેતન પટેલ નામના એક યુવાનના આગામી ડીસેમ્બર માસમાં લગ્ન થવાના છે. આ યુવાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનથી ખૂબ પ્રભાવિત છે. અને તે પોતે સ્વચ્છતાનો ખૂબ હિમાયતી છે. આથી તેણે પોતાના લગ્નને યાદગાર બનાવવા સાથે સમાજમાં સ્વચ્છતાનો સંદેશ વધુ ફેલાય અને લોકો સ્વચ્છતા જાળવવા બાબતે વધુને વધુ જાગૃત બને તે માટે તેણે એક અનોખું પગલું લેવાનું વિચાર્યું. આ યુવાને તેના લગ્નની કંકોત્રી સાથે કવરમાં સ્વચ્છતાનો સંદેશ છાપેલી એક રંગીન કૂપન પણ જોડી દીધી છે. આ કૂપન પર તેણે હાલમાં વ્હોટસ એપ અને ફેસબુક પર લોકપ્રિય બનેલા 'બકા'ના અંદાજમાં 'જો બકા કચરો તો કચરાપેટીમાં જ નાંખવાનો' તેવો મેસેજ છપાવ્યો છે. આટલું જ નહીં આ કૂપન પર તેણે 'એક કદમ સ્વચ્છતા કી ઓર' અને 'જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા' તેવા સૂત્રો પણ છપાવ્યાં છે. તેની કંકોત્રીમાં ભૂલકાઓના નિમંત્રણ માટેના ટહુકામાં પણ આ પ્રકારના સ્વચ્છતા અંગેના સંદેશનો ઉલ્લેખ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષની પસંદગીનું કોકડું ટુંકમાં ઉકેલાશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષની નિમણુંકનો આખરી નિર્ણય મોવડી મંડળ દ્વારા ટૂંકમાં લઈને ગુજરાત કોંગ્રેસ સંગઠનને વધુ મજબૂત બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વર્તમાન પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાની મુદત પૂર્ણ થઈ જવા પામી છે. એટલું જ નહીં તેમના નેતૃત્વમાં ગુજરાત વિધાનસભાની અને લોકસભાની ચૂંટણીઓ કોંગ્રેસ લડી હતી પરંતુ કોંગ્રેસને કારમો પરાજય સહન કરવો પડયો હતો.

કોંગ્રેસ મોવડી મંડળ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને મળેલા કારમા પરાજયનો કારણે આત્મમંથનમાં વ્યસ્ત બની ગઈ હતી એટલું જ નહીં આ પરાજયની કળમાંથી બહાર આવતાં મોવડીમંડળને કળ વળી નથી. આ ઉપરાંત જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં આ ચૂંટણીના પ્રચારમાં મોવડી મંડળના નેતાઓ વ્યસ્ત બનતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષની ફેરબદલીનો નિર્ણય વિલંબમાં પડવા પામ્યો છે.

કોંગ્રેસ વર્તુળો પાસેતી પ્રાપ્ત વિગતો મુજબ હવે આગામી ટુંક સમયમાં કોંગ્રેસ મોવડીમંડળ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષની નવી નિમણુંકનો નિર્ણય લઈને જાહેરાત કરે તેવી શકયતા છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પદની રેસમાં વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા, સિધ્ધાર્થ પટેલ અને ભરતસિંહ સોલંકી છે. જો કે આ નેતાઓ પૈકી હવે કોંગ્રેસ મોવડી મંડળ પ્રદેશ અધ્યક્ષની પસંદગીનો કળશ કોના પર ઢોળશે તે તો આવનારો સમય જ કહેશે

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com